પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૩૯ ૯ નવેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; કારતક વદ - ૬ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## આજે હિમાચલમાં મતદાન

**કુલ ૩૩૭ ઉમેદવારો મેદાનમાં : ભાજપ અને કોંગ્રેસના તમામ ૬૮ સીટ ઉપર ઉમેદવારો : મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, ધુમાલના પણ ભાવિનો ફેંસલો થશે : ૫૦૨૫૯૪૧ મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ : ૭૫૨૫ મતદાન કેન્દ્રો રહેશે**



સિમલા,તા. ૮

હિમાચલ પ્રદેશમાં અભૂતપૂર્વ સુરક્ષા વચ્ચે આવતીકાલે મતદાન થશે. રાજયના તમામ ૬૮ વિધાનસભા ક્ષેત્રોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. મેદાનમાં કુલ ૬૨ ધારાસભ્યો સહિત કુલ ૩૩૭ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. મુખ્યમંત્રી વીરભદ્રસિંહ, ૧૦ પ્રધાનો, આઠ મુખ્ય સંસદીય સચિવો, વિધાનસભાના નાયબ અધ્યક્ષ જગતસિંહ મોદી, પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ અને એક ડઝનથી વધારે પૂર્વ મંત્રી સહિતના નેતાઓ ચૂંટણી મેદાનમાં છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં સત્તારુઢ કોંગ્રેસ અને પૂર્વ મુખ્યમંત્રી ધુમાલના નેતૃત્વમાં ભાજપ તમામ ૬૮ સીટો ઉપર ચૂંટણી લડી રહી છે. બસપના ૪૨ સીટ પર, માર્કસવાદી પાર્ટીના ૧૪ સીટ પર, સ્વાભિમાન પાર્ટી અને લોકગઠબંધન પાર્ટીના ૬-૬ સીટો ઉપર તથા અન્ય એક પાર્ટીના ત્રણ સીટો ઉપર ઉમેદવાર છે. મંગળવારના દિવસે ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. અભિયાનમાં ભાજપ અને

● અનુસંધાન પાન-૫ પર

## દિલ્હીમાં ઝેરી હવા પ્રદૂષણ ૧૨મી સુધી શાળાઓ બંધ

**બાળકોના આરોગ્ય સાથે ચેડા કરી શકાય નહીં : દિલ્હી સરકારે પરિસ્થિતિને ધ્યાનમાં લઇને નિર્ણય કર્યો**




નવીદિલ્હી, તા. ૮

દિલ્હી સરકારે આજે કહ્યું હતું કે, રાષ્ટ્રીય પાટનગરમાં તમામ સ્કૂલો રવિવાર સુધી બંધ રહેશે. હવા પ્રદૂષણના પરિણામ સ્વરુપે હાલત કફોડી બની ગઈ છે. પર્યાવરણમાં ઝેરી હવા ફેલાઈ જવાના કારણે સ્કૂલોને બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયા દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, દિલ્હીમાં હવાની ગુણવત્તા ખુબ જ ખરાબ થઈ ચુકી છે. આના કારણે બાળકોને નુકસાન થઈ રહ્યું છે. બાળકો અનેક પ્રકારની બિમારીઓના સકંજામાં આવી રહ્યા છે. શ્રેણીબદ્ધ ટ્વિટ કરીને સિસોદિયાએ કહ્યું છે કે, બાળકોના આરોગ્ય સાથે અમે ચેડા કરવાની

● અનુસંધાન પાન-૫ પર

## આજથી જીએસટી કાઉન્સિલની બેઠક

**૨૦૦ વસ્તુ પર રેટ ઘટશે : નાની કંપનીઓ માટે સિંગલ રિટર્ન ફાઈલિંગની વ્યવસ્થા રહેશે : ગુવાહાટીમાં આજથી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની અતિ મહત્વપૂર્ણ બેઠક મળશે : તમામ નાના કારોબારીઓની બેઠક પર નજર હશે**

નવી દિલ્હી,તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે જીએસટી કાઉન્સિલની બેઠક આવતીકાલથી ફરી શરૂ થઈ રહી છે. નવમી અને ૧૦મી નવેમ્બરના દિવસે જીએસટી કાઉન્સિલની બેઠક નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં યોજાઈ રહી છે. કારોબારીઓના સંદર્ભમાં આમા કોઈ મોટા નિર્ણય કરવામાં આવી શકે છે. જીએસટી કાઉન્સિલ ૧૫૦થી ૨૦૦ વસ્તુઓ ઉપર રેટમાં ઘટાડો કરી શકે છે. આ ઉપરાંત સમગ્ર પ્રક્રિયાને વધુ સરળ કરવા સહિત ધરખમ સુધારા કરી શકે છે. શુક્રવારના દિવસે બેઠકમાં નાની કંપનીઓ માટે સિંગલ રિટર્ન ફાઈલિંગ ફોર્મની વ્યવસ્થા કરવામાં આવી શકે છે. નાણામંત્રાલયમાં રહેલા સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે, વડાપ્રધાનની ઓફિસ (પીએમઓ) દ્વારા ટેક્સને ઘટાડવાના હેતુસર સૂચિત ફેરફારો કરી શકે છે. જીએસટી કાઉન્સિલની બેઠક અરુણ જેટલીના નેતૃત્વમાં યોજાશે. આ બેઠક આસામના પાટનગર ગુવાહાટીમાં થઈ રહી છે. બેઠકમાં બિહારના નાણામંત્રી સુશીલ મોદીના નેતૃત્વમાં ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ) કાઉન્સિલને પેપર રજૂ કરી શકે છે. રિટર્ન ફાઈલિંગની પ્રક્રિયાને મહત્વપૂર્ણ ફેરફારો થઈ શકે છે. રિટર્ન ફાઈલિંગની પ્રક્રિયાને વધુ સરળ કરવાના ઈરાદા સાથે નાના કરદાતાઓ માટે પણ ફેરફાર કરવામાં આવી શકે છે. હાલમાં કારોબારીઓ જીએસટીઆર-૧ અને જીએસટીઆર-૨માં રિટર્ન ફાઈલ કરે છે. ગયા મહિનામાં કાઉન્સિલની

● અનુસંધાન પાન-૫ પર

### ન્યુઝ ટ્રેક

**લાલકૃષ્ણ અડવાણીએ ૯૦મો જન્મદિવસ ઉજવ્યો**

ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ પોતાનો ૯૦મો જન્મદિવસ ૯૦ પ્રજ્ઞાચક્ષુ બાળકો સાથે નાસ્તો કરી ઉજવ્યો હતો. પ્રધાનમંત્રી સહિત અગ્રણીઓએ તેમને શુભકામનાઓ પાઠવી હતી.

**હોન્ડા સ્કુટરનુ ભારતમાં લોન્ચિંગ**

હોન્ડા મોટરસાઈકલ એન્ડ સ્કુટર ઈન્ડિયાએ નવુ સ્કુટર ગ્રેઝિયા લોન્ચ કર્યુ છે. આ સ્કુટર ૧૨૫ સીસીનું છે. આ સ્કુટર યુવાનો અને શહેરી વિસ્તારના ગ્રાહકોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે.

**યમુના એક્સપ્રેસ વે પર એક સાથે ૧૧ વાહનોને અકસ્માત**

ઉત્તરપ્રદેશમાં મથુરા પાસે બુધવારે વહેલી સવારે યમુના એક્સપ્રેસ વે પર એક પછી એક ૧૧ વાહનો ટકરાયા હતા. ભારે ધુમ્મસના કારણે આ અકસ્માત સર્જાયો હતો.

**રઘુરામ રાજનને રાજ્યસભા માટે આપની ઓફર**

આમ આદમી પાર્ટી દ્વારા ૨૦૧૮માં રાજ્યસભાની ચૂંટણી માટે દિલ્હી વિધાનસભામાંથી પ્રતિનિધિત્વ કરવા આરબીઆઈના પૂર્વ ગર્વનર રઘુરામ રાજનને ઓફર આપી છે.



રાહુલ ગાંધી સુરતમાં... - નોટબંધી અને જીએસટીના મામલે સુરતના વેપારીઓ સાથે વિચારોની આપ-લે કરવા સુરત પહોંચેલ રાહુલ ગાંધીએ આજે દિવસ દરમિયાન હીરા ઘસવાની ફેક્ટરી, પાવર લુમ, ક્લોથ માર્કેટના વેપારીઓ અને કારીગરો સાથે ચર્ચાઓ કરી હતી... ડાયમન્ડ બજારમાં હીરા ઘસવાની પ્રક્રિયાની ઝીણવટપૂર્વક માહિતી મેળવી હતી... સુરતના માર્ગ પર ચાની લારીએ ચાની ચુસ્કી મારી અવરજવર કરતા શહેરીજનો સાથે પણ ચર્ચા કરી હતી...

## નોટબંધીની પ્રથમ વર્ષગાંઠે મોદીએ આભાર માન્યો

**ટેકા બદલ મોદીએ લોકોનો આભાર માન્યો : ૧૨૫ કરોડ ભારતીયોએ નિર્ણાયક લડાઈમાં જીત મેળવી છે : નોટબંધી ઉપર બનાવવામાં આવેલી શોર્ટ ફિલ્મ પણ ટ્વિટર મારફતે શેયર કરી છે : નોટબંધી અર્થવ્યવસ્થા માટે ફાયદાકારક પુરવાર થઇ હોવાનો દાવો**

નવી દિલ્હી,તા. ૮

નોટબંધીને એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજે ભાજપ દ્વારા દેશભરમાં એન્ટી બ્લેકમની ડેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે બીજી બાજુ કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો દ્વારા કાળો દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ભાજપ અને કોંગ્રેસે નોટબંધીના પ્રશ્ને આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર જારી રાખ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે નોટબંધીની પ્રથમ વર્ષગાંઠના પ્રસંગે એક વિડિયો જારી કરીને નોટબંધીના ફાયદા ગણાવ્યા હતા. સાથે સાથે નોટબંધીને ટેકો અને સમર્થન આપવા બદલ લોકોનો આભાર માન્યો હતો. વિડિયોમાં આંકડા રજૂ કરીને એ બાબત દર્શાવવાના પ્રયાસ કરવામાં આવ્યા છે કે નોટબંધીના કારણે દેશની અર્થવ્યવસ્થાને કઈ રીતે ફાયદો થયો છે. મોદીએ લોકો પાસેથી એક સર્વે મારફતે તેમના અભિપ્રાય લેવાના પ્રયાસ પણ કર્યા છે. બીજા બાજુ કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ છે કે નોટબંધીના કારણે બરબાદ થઈ ગયેલા લોકોની સાથે તેમની પાર્ટી ઉભી છે. મોદીએ નોટબંધીને લઈને એક પછી એક ચાર ટ્વીટ કર્યા છે. તેમણે કહ્યુ છે કે ભ્રષ્ટાચાર અને કાળા નાણાંને જડમુળથી ઉખાડી ફેંકવા માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાને ટેકો આપવા બદલ તેઓ દેશના લોકો સમક્ષ શિશ ઝુંકાવે છે. તેમણે કહ્યુ છે કે ૧૨૫ કરોડ દેશવાસીઓએ એક નિર્ણાયક લડાઈ લડી છે. જેમાં અભૂતપૂર્વ જીત હાંસલ કરી લીધી છે. મોદીએ નોટબંદી પર એક શોર્ટ ફિલ્મ પણ ટ્વીટર એકાઉન્ટ મારફતે શેયર કરી છે. ૭.૧૩ મિનિટની શોર્ટ ફિલ્મમાં તમામ ફાયદાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નોટબંધીના કારણે ગરીબ

● અનુસંધાન પાન-૫ પર

## નોટબંધીના વિરોધમાં કોંગ્રેસે દેશભરમાં બ્લેક ડે મનાવ્યો

**કોંગ્રેસી કાર્યકરોએ કાળા કપડા પહેરી વિરોધ કર્યો : મોદી સરકાર-ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરીને કોંગ્રેસના કાર્યકર્તાઓએ વાતાવરણને ગજવ્યુ : મૃતકોને શ્રધ્ધાંજલિ**

અમદાવાદ,તા.૮

મોદી સરકારના સૌથી વિવાદીત અને દેશભરમાં ખળભળાટ મચાવી મૂકનારા નોટબંધીના નિર્ણયને આજે એક વર્ષ પૂર્ણ થતું હોઈ તા.૮મી નવેમ્બરના દિવસને કોંગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત સહિત દેશભરમાં કાળો દિવસ (બ્લેક ડે) તરીકે મનાવવામાં આવ્યો હતો. બ્લેક ડેને લઈ ગુજરાત કોંગ્રેસ દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના વિવિધ શહેરો અને જિલ્લા-તાલુકા કક્ષાએ નોટબંધીનો વિરોધ કરતા અને મોદી સરકાર તેમ જ ભાજપ પર માછલા ધોતાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના કાર્યકરો અને સ્થાનિક નેતા-આગેવાનોએ કાળા કપડા પહેરી નોટબંધીના કાળા દિવસની ઉજવણી કરી હતી તો, મોદી સરકાર અને ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરી કોંગ્રેસના કાર્યકર્તાઓએ વાતાવરણ ગજવી મૂક્યું હતું. નોટબંધીની વરસીના વિરોધમાં કોંગ્રેસ દ્વારા દિલ્હી, મુંબઈ સહિત દેશભરના વિવિધ શહેરોમાં પણ કાળા દિવસ તરીકે ઉજવણી કરી બ્લેક ડે મનાવાયો હતો.

## પશ્ચિમ બંગાળમાં નોટબંધીથી બોગસ કરેન્સીની કમર તુટી

નવી દિલ્હી,તા. ૮

નોટબંધીના કારણે અનેક લાભ સીધી રીતે થયા છે. પશ્ચિમ બંગાળમાં નોટબંધીના કારણે ફેક કરેન્સી અથવા તો નકલી ચલણના કારોબારની કમર તોડી પાડવામાં આવી છે. નોટબંધીના કારણે આના માઠી અસર થઈ છે. નોટબંધીના કારણે બોગસ ચલણના કારોબાર સાથે જોડાયેલા લોકો હવે અન્ય કારોબારમાં જોડાઈ ગયા છે. ભારત-બાંગ્લાદેશ બોર્ડર પરથી સ્મગલિંગ મારફતે લાવવામાં આવનાર ફેક ઈન્ડિયન કરેન્સી નોટ (એફઆઈસીએન)ના આ ગઢમાં છેલ્લા વર્ષભરમાં સૌથી ઓછી માત્રામાં નકલી નોટ જપ્ત કરવામાં આવ્યા છે.

પશ્ચિમ બંગાળમાં કાલિયાચકને દેશમાં બનાવટી નોટના કારોબારના કેન્દ્ર તરીકે ગણવામાં આવે છે. સુરક્ષા સંસ્થાઓ હજુ પણ માને છે કે કેટલાક પગલા લેવાની હજુ રણ જરૂર છે. જે નકલી નોટ આવી રહી છે તેમની ગુણવત્તા ખુબ નિરાશાજનક છે. કેટલાક સિક્યુરિટી ફિચરની નકલ તો કરી લેવામાં આવી છે પરંતુ કેમિકલ કમ્પોઝિશનનનો તોડ કરવામાં સફળતા હાથ લાગી નથી.

બોર્ડર સિક્યુરિટી ફોર્સના કહેવા મુજબ નોટબંધીના બાદથી ૫૫.૬૬ લવાખ રૂપિયાની બોગસ ફેસ વેલ્યુ ધરાવતી બોગસ નોટ જપ્ત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૬માં આ આંકડો ૧.૪૮ કરોડનો હતો. વર્ષ ૨૦૧૫માં આ આંકડો ૨.૬૧ કરોડનો હતો. તેમજ વર્ષ ૨૦૧૪માં આ આંકડો ૧.૮૦ કરોડનો હતો. એફઆઈસીએનના મામલામાં તપાસ કરનાર કોલકત્તા પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ દ્વારા કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૭માં ૧૪ લાખ, વર્ષ ૨૦૧૬માં ૫૨ લાખ, ૨૦૧૫માં એક કરોડની ફેસ વેલ્યુ ની બનાવટી નોટ પકડી પાડી છે.







